# હિંમતનગરમાં આભ ફાટ્યું : ૧૦ કલાકમાં ૧૦ ઈંચ વરસાદ

## પ્રાંતિજમાં ૯ અને ઈડરમાં ૫ ઈંચ વરસાદ : તલોદના મુધાસણમાં એક વ્યક્તિનું ખારી નદીમાં ડુબી જતાં મોત : સાબરકાંઠા - અરવલ્લી જિલ્લામાં વીજ પોલ પડી જતા ૩૬ ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો

હિંમતનગર, તા. ૯

સાબરકાંઠા અને અરવલ્લી ખારી નદીમાં તણાઈ જતાં એક વ્યકિતનું મોત નિપજયું છે. જયારે વરસાદની પરિસ્થિતિને પહોંચી વળવા જિલ્લા કલેકટર બંછાનિધિ પાનીની સીધી દેખરેખ હેઠળ વહીવટી તંત્રએ બચાવ અને રાહત કામગીરી હાથધરી છે.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં સોમવારની રાત્રે ભારે વરસાદ પડતાં જન-જીવન ઉપર માઠી અસર થવા પામી છે.સાબરકાંઠાના વડામથક હિંમતનગરમાં ૧૦ ઈંચ વરસાદ પડતાં ઠેર ઠેર પાણી ભરાઈ થતાં વાહન વ્યવહાર ઉપર માઠી અસર થવા પામી હતી. બ્રહમાણીનગરમાં પાણી ભરાઈ જતાં ડીઝાસ્ટર વિભાગે વોટરીગ પંમ્પથી પાણીનો નિકાલ કર્યો હતો. જયારે તલોદ તાલુકાના મુધાસણ ગામે ખારી નદીમાં તણાઈ થતાં રજુસિંહ શંકરસિંહ રાઠોડ ઉ.વ.૪૮ નું મોત નીપજયું હતું. વરસાદના કારણે ઠેર ઠેર વીજ થાંભલા પડી જતાં વીજ પુરવઠો ખોરવાયો હતો. હિમતનગર હાથમતી નદીમાં ઘોડાપૂર આવ્યું હતું. ભારે વરસાદના કારણે વાત્રક, ગોહાઈ, હરણાવ, ધરોઈ સહિત ડેમોની સપાટી ઉચકાઈ છે.






(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

જિલ્લામાં છેલ્લા ૧૨ કલાક ભારે વરસાદ પડતાં જન-જીવન અસ્ત વ્યસ્ત બનવા પામ્યું છે. હિંમતનગરમાં ૧૦ કલાકમાં ૧૦ ઈંચ વરસાદ ખાબકયો હતો જયારે -ાંતિજ અને ભિલોડામાં ૯ ઈંચ વરસાદ પડયો હતો. જિલ્લામાં ભારે વરસાદ પડતાં કપાસ અને એરંડાના પાકોને મોટું નુકશાન થયાનો અંદાજ છે. તલોદ તાલુકાન મુધાસણ ગામે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ૩૦ જેટલા વીજ પોલ પડી જતાં અને ૩ ટ્રાન્સમીટર ડેમેજ થતાં ૩૬ જેટલા ગામો અંધારપટમાં ફેરવાયા હતા. ઈડર તાલુકાના બરવાવમાં વીજળી પડતાં ગાય-વાછરડાના મોત નીપજયા હતા જયારે ભાણપુર વડીયાવીરમાં વરસાદના કારણે ૫૦ જેટલા મકાનોને નુકશાન થયાનું જાણવા મળેલ છે.

# ડીસામાં સાડા પાંચ ઈંચથી વધુ વરસાદ જ્યારે ધાનેરાના ૧૦ ગામો સંપર્ક વિહોણા

ડીસા, તા. ૯

બનાસકાંઠાના ડીસામાં તેમજ ધાનેરામાં ગત મોડી રાત્રીથી મુશળધાર વરસાદ વરસી રહ્યો છે. જેના કારણે ડીસાના નીચાણવાળઆ વિસ્તારોમાં પાણી ભરાયા ડી.વાય.એસ.પી. તેમજ તાલુકા વિકાસ અધિકારી સહિતની ટીમોએ ઘટનાસ્થળે જઈ તમામને હેમખેમ બહાર કાઢ્યા હતા, જ્યારે ધાનેરા તાલુકામાં અતિભારે વરસાદના કારણે ધાનેરા પંથકમાં આવેલા આશિયાના



હતા, જ્યારે ધાનેરા તાલુકામાં આજુબાજુના ૧૦ ગામો સંપર્ક વિહોણા બન્યા હતા.

બનાસકાંઠામાં ૨૪ કલાકમાં સર્વત્ર ભારે વરસાદ ખાબક્યો છે જેમાં ડીસામાં સાડા પાંચ ઈંચ જેટલો વરસાદ ૨૪ કલાકમાં ખાબકતા સર્વત્ર જળ બંબાકારની સ્થિતિ બની હતી. અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. તો વળી ગુગલ ગમે એક ખેતરમાં ૧૦ થી વધુ લોકો પાણીમાં ફસાતા એસ.ડી.એ. અને વહોળામાં પુરની સ્થિતિ સર્જાઈ છે અને ધાનેરા આજુબાજુના સરાલ આશિયા સાકડ વીડ નાદલા જેવા અનેક ગામો સંપર્ક વિહોણા બન્યા છે.

ધાનેરામાં મોડી રાતથી વરસેલા વરસાદે ધાનેરા વિસ્તારમાં પૂર જેવી સ્થિતિ ઉભી કરી દીધી છે અને આજુબાજુના દસ ગામોનો વાહન વ્યવહાર પણ અટવાઈ ગયો છે અને આજુબાજુના ગામોની શાળાઓ પણ બંધ રાખવાની સ્થિતિ સર્જાઈ છે.

# ડીસા નજીક લોરવાડા ગામે વીજ કરંટથી ૭ ગાયોનાં કરૂણ મોત



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા, તા. ૯

ડીસા પંથક માં ગત રાત્રી થી ખાબકેલા ભારે વરસાદે અહી આવેલા લોરવાડા ગામે વીજળી પડતા થયેલા વીજ ફોલ્ટ થી અબોલ એવી સાત ગાયો મોત ને ભેટતા જીવદયા -ેમીયો માં અરેરાટી ફેલાઈ છે.

બનાસકાંઠામાં છેલા ૨૪ કલાક માં ભારે વરસાદ ખાબકતા સર્વત્ર નોધનીય વરસાદ નોધાયો છે ,જેમાં ડીસા નજીક નાં લોરવાડા ગામે આવેલા ઈન્દીરાનગર વિસ્તાર માં આજે વહેલી સવારે વીજળી ત્રાટકી હતી, અને આ વીજળી બાજુમાં જ પસાર થતી હેવી વીજ લાઈન પર પડતા અહી વીજ ફોલ્ટ સર્જાયો હતો અને જીવંત વીજવાયર કડાકા ભડાકા સાથે તૂટી પડતા આ જીવંત વાયરો નાં સંપર્ક માં આ વિસ્તાર માં ફરતી ૭ ગાયો આવી હતી અને તે તુરંત ઘટના સ્થળે જ મોત ને ભેટી હતી, આ કરુણ ધટના ની જાણ થતા ગ્રામજનો એ વહીવટી તંત્ર ને જાણ કરી હતી, જયારે બીજી તરફ વીજ વિભાગે પણ ક્ષતિ ગ્રસ્ત વીજલાઈન કોર્ડન કરી તેનુ પુનઃ સમારકામ હાથ ધરેલ છે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

# મોડાસામાં એક જ રાતમાં ૫ ઈંચ જેટલો વરસાદ ખાબકયો : મોડાસાની સોસાયટીઓ બેટમાં ફેરવાઈ

ગઈકાલે રાત્રે મેઘરાજા ફરીથી અરવલ્લી જીલ્લા પર મહેરબાન થયા હોય તેમ અરવલ્લી જીલ્લા ના મોડાસા માં એક જરાત માં પાંચ ઈંચ જેઠલો વરસાદ ખાબકતા મોડાસા ની સોસાયટી ઓ જાણે બેટ માં ફેરવાઈ ગઈ હોય તેવુ દેખાઈ રહયુ હતુ મોડાસા નગરપાલિકા ધ્વારા આટ આટલી વખત લોકો ધ્વારા ચકકાજામ કરવા છાતાં પણ પાણી ના નીકાલ ની કોઈ વ્યવસ્થા કરવામાં આવી નહોતી ત્યારગઈકાલે રાત્રે ૫ ઈંચ જેટલો વરસાદ ખાબકતા મોડાસા ની મખદુમ સોસયટી અમનપાર્ક કોલે.જ રોડ નવજીવન સોસાયટી જેવી સોસાયટી ઓ બેટમાં ફેરવાઈ હતી ત્યારે મોડાસા કોલેજ પાછળ આવેલ વિસ્તાર માં નગરપાલિકા ધ્વારા ખૂલ્લી ગટરો મુકવાને કારણે ગઈકાલે એક કાર ગટર માં ખાબકી હતી જેને ક્રેન ની મદદ થી બહરા કાઢવામાં આવી હતી.

# ખેડબ્રહ્મામાં ભાદરવી પૂનમના મેળામાં વરસાદ વિલન

ખેડબ્રહ્મા, તા. ૯

ભાદરવી પૂનમે ખેડવાળી મા અંબાના સાનિધ્યમાં ભરાતા મેળાને વરસાદનું વિધ્ન નડ્યું હતુ. સોમવારે રાત્રે શરૂ થયેલા વરસાદે મેળાની મજા થવા પામી હતી. વણ વેચાયેલા માલને અડધી કિંમતે વેચવાની ફરજ પડી કે માલ ફેંકી દેવાનો વારો આવ્યો હતો. જેથી નાના વેપારીઓને મોટુ નુકશાન થવા પામ્યું હતુ. પણ પૂનમ ભરવા



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

બગાડી હતી, જ્યારે નાના વેપારીઓની હાલત કફોડી કરી નાખી હતી.

મેળો માણનારાની ઓછી સંખ્યાના કારણે ખરીદી ઉપર અસર આવતા માઈ ભક્તો તેમના નિયમ મજુબમાં ભગવતીના દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. ભાદરવી પૂનમના સંઘોમાં પણ ઘટાડો થયો હતો.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા શહેરના મીરાં મહોલ્લાથી રાજપુર તરફ જતા માર્ગ વચ્ચે આવતા વ્હોળા પાસે વરસાદી વહેણને કારણે મોટું ગાબડું પડી જતા અકસ્માતની ભિતી સેવાઇ રહી હતી. તાજેતરમાં ડીસા શહેરમાં ૧૨ ઇંચ જેટલો વરસાદ પડતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી વહેતા થઇ ગયા હતા. તેમાંય રાજપુર નજીક આવેલ વ્હોળામાં ૨ થી ૩ ફુટ પાણી આવતા હરીઓમ સ્કુલ, ગવાડી રોડ, રાજપુર રોડ તૂટી ગયો છે. ત્યારે રાજપુર માર્ગમાં આવતા વ્હોળામાં ગાબડા પડતા અકસ્માતની ભિતી સેવાઇ રહી છે. આ જગ્યાએ મોટો ખાડો પડી જતાં અંધારામાં કોઇ વાહન તેમાં ખાબકી શકે છે. આ વિસ્તારમાં છેલ્લા ઘણા મહિનાઓથી સ્ટ્રીટ લાઇટોના અભાવે અંધકારભર્યો માહોલ સર્જાય છે. એટલે અહી કોઇ અકસ્માત સર્જાય તે પહેલા નગરપાલિકાએ આ ખાડાને સત્વરે પુરાવે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

# ઊંઝા શહેરમાં ધોધમાર વરસાદને પગલે જનજીવન પર માઠી અસર

ગાંધીનગર, તા. ૯

ઊંઝા શહેર સહિત સમગ્ર તાલુકામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન સતત ધોધમાર વરસાદ પડતાં નીચાણવાળા તેમજ અન્ય વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં જનજીવન પર માઠી અસર પડી હતી. ગઈકાલ સાંજથી આજ બપોર સુધી સતત વરસાદ પડ્યો હતો.

જે અંદાજે સાત ઈંચ જેટલો સિઝનનો સૌથી વધુ વરસાદ નોંધાયો હતો. ભારે વરસાદના કારણે ઊંઝા-કામલી રોડ પર આવેલ નમેણ માતાજીનું મંદિર રાતના સમયે ધરાશાયી થયું હતું. જ્યારે શહેરના પારેખપોળમાં આવેલ એક ત્રણ મજલાનું બંધ મકાન પણ ધરાશાયી થયું હતું. આ ઉપરાંત તાલુકાના વણાગલા અને ઉપેરા ગામોમાં પણ બે બે મકાનો મળી કુલ ચાર મકાનો વરસાદના લીધે જમીનદોસ્ત થયા હતા. સદ્નસીબે આ ચારેય ઘટનાઓમાં કોઈ જ જાનહાનિ થઈ ન હતી.

દમિયાન ઊંઝા તાલુકા સહિત સમગ્ર મહેસાણા જિલ્લામાં પડેલ ભારે વરસાદને કારણે ઊંઝાથી દાસજ,રણછોડપુરા, વિસનગના માર્ગ પર દાસજ ડીપમાં પાણી ભરાઈ જતાં આ માર્ગ પરનો વાહન વ્યવહાર બંધ થઈ ગયો છે. આ સાથે તાલુકાના પળી, કંથરાવી અને નવાપુરા જવાના માર્ગો પર તેમજ કામલી-જગન્નાથપુરાના માર્ગ પર પાણી ભરાતાં વાહનવ્યવહાર ઠપ્પ થઈ ગયેલ છે.

આ વિસ્તારમાં ગઈકાલ સાંજથી વરસાદ શરૂ થયો હતો. જે આજ બપોર સુધી સતત ચાલુ રહ્યો હતો. રાત્રે ગાજવીજ સાથે મુશળધાર વરસાદ પડ્યો હતો. જેથી ઊંઝા શહેરના પ્રવેશદ્વારસમા હાઈવેના અન્ડરબ્રિજમાં પાણી ભરાઈ જતાં આ માર્ગ બંધ થઈ ગયો હતો. શહેરના નીચાણવાળા તેમજ પોલીસ સ્ટેશન જવાના માર્ગ પર પણ વરસાદી પાણી ભરાઈ ગયા હતા. પરિણામે લોકોને ભારે મુશ્કેલી વેઠવી પડી હતી.

## અંબાજીના મહામેળામાં ૩૦ લાખ યાત્રિકોએ દર્શન કર્યા

ભાદરવી પુનમના મહામેળામાં લાખોની સંખ્યામાં અંબાજી ખાતે મા અંબાના ધામમાં શિશ નમાવવા ઉમટી પડયા હતા. અંબાજી ખાતે ગત તા. ૩ સપ્ટેમ્બરથી પદયાત્રિકો મોટી સંખ્યામાં ઉમટી રહ્યા હતા. પૂનમના દિવસે કુલ ૩૦,૧૨,૯૫૬ યાત્રિકોએ મા અંબાના દર્શન કર્યા હતા. જયારે કુલ ૨૪૬૪૮૦ યાત્રિકોએ ભોજન પ્રસાદનો લાભ લીધો હતો ઉપરાંત કુલ ૧૦,૭૮,૮૭૨ પ્રસાદ વિતરણના પેકેટ, ૫૯૨૦ ધજારોહણ કરવામાં આવ્યા હતા. મહામેળામાં અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજીને કુલ આવક રૂ. ૩,૩૩,૯૯,૯૫૧ થઈ હતી.

# વડાગામમાં વીજળીના ધાંધિયા

વડાગામ, તા. ૯

ધનસુરા નજીક આવેલ વડાગામ ખાતે છેલ્લા ઘણા સમયથી વીજળી ફીડરમાં વારંવાર ખામી સર્જાતા વીજળી ડૂલ થવાની ઘટના ઘટી રહી છે. પરિણામે રહિશોએ વીજતંત્ર સામે ઉગ્ર રોષ વ્યક્ત કરી વીજળીના ધાંધિયા અટકાવવા માંગ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ધનસુરાના વડાગામ ખાતે છાસવારે વીજળી ડૂલ થઈ જવાના બનાવો બની રહ્યા છે. દિવસ દરમિયાન કલાકો સુધી વીજળી પુરવઠો ન મળતા ગ્રામજનો પરેશાન થઈ ગયા છે. દરરોજ કલાકો સુધી વીજળી ખોરવાઈ જતા અનેક કાર્યો કરવામાં વિલંબ પેદા થાય છે. બીજી બાજુ વીજતંત્રની બેદરકારીને લીધે અને ખુલ્લા અને તુટેલા વીજ વાયરોથી પશુઓના મોત થઈ રહ્યા છે. વારંવાર વીજપુરવઠો ખોરવાવાના બનાવો સંદર્ભે ગ્રામજનો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે અને યોગ્ય નિયમિત વીજપુરવઠો પુરો પાડવા માંગ કરી રહ્યા છે.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય

ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...

(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA

ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦